
સત્સંગ





# મૃત્યુ અને જન્મ

મનુષ્ય હંમેશા કટોકટીની ક્ષણમાં છે, મનુષ્યનું અંતરતમ સંક્ટથી બનેલું છે. એ જ કારણથી દુ:ખ છે, તણાવ છે, વિશાદ છે. મનુષ્ય એવું એક માત્ર પ્રાણી છે જે વિકસિત થાય છે. મનુષ્ય એક માત્ર પ્રાણી છે જેનો અધૂરો જન્મયો છે જે પ્રક્રિયાની રીતે જનમ્યો છે. જીવનનું અસ્તિત્વ ત્યારે જ હોય જ્યારે તમે એક સ્થળેથી બીજા સ્થળ તરફ જાઓ છો બે સ્થળોના વચ્ચેની ગતિ જીવન છે. તમે એક જ સ્થળ ઉપર જીવંત નહીં રહી શકો - મૃત વસ્તુ અને જીવંત ઘટનામાં આજ તફાવત છે. મૃત વસ્તુ એક જ સ્થળ પર સ્થિર રહે છે, જીવંત વસ્તુ ગતિ કરે છે- ફક્ત ગતિ નથી કરતી, છલાંગ લે છે, કૂદે છે, મૃત વસ્તુ હંમેશા જ્ઞાત બની રહે છે. જીવંત ઘટના જ્ઞાતથી અજ્ઞાતની તરફ, ચીર-પરીચિતથી અપરીચિતની તરફ ગતિ કર્યા રાખે છે. આ સંકટની ક્ષણમાં મનુષ્ય સર્વાધિક જીવંત છે. તમારે સતત ગતિ કરવાની છે. ગતિ સમસ્યા ઉતપન્ન કરે છે કારણ કે ગતિનો અર્થ જ હોય છે તમારે જ્ઞાતના પ્રતિ મૃત થતા જવાનું છે. તમારે અતીતના પ્રતિ જે પરીચિત છે, જે સુવિધા જનક છે, આરામદાયક છે, એના પ્રતિ મૃત થતા જવાનું છે. તમે તેને જીવી લીધું તેના વિશે જાણી લીધું તમે એના વિશે પર્યાપ્ત શીખી લીધું હવે આમાં કોઇ ભય ન રહ્યો. તમે જો મનુષ્ય હોવ તો તમે હંમેશા રોમાંચ માટે છો જે જ્ઞાતથી અજ્ઞાત તરફ છે. મન અતીતને પકડી રાખે છે કારણ કે મન અતીત છે.

પરંતુ તમારી ચેતના અતીતની પાર જવા માંગે છે. તમારી ચેતના અન્વેષણ કરવા માંગે છે તમારી ચેતનામાં અસંતોષ અંતરભૂત છે હું આને દિવ્ય અસંતોષ કહુ છું જે કાંઇ પણ તમારી પાસે છે તમે તેને પૂર્ણ કરી લીધું, હવે તમે એ ઇચ્છો છો જે તમારી પાસે નથી અને તમે એ થવા માંગો છો જે તમે નથી.. માણસમાં મૃત્યુ અને જન્મ વિપરીત નથી પરંતુ એ પક્ષીની બે પાંખોની જેમ છે અનુપૂરક છે.

એકબીજાની મદદ કરી રહ્યા છે. મૃત્યુ જન્મ માટે મદદ કરે છે મૃત્યુ સદંતર મેદાનને સાફ કરતી જાય છે. જેથી અતીતને ભૂંસી શકાય અને ભવિષ્યને આવકારી શકાય. મૃત્યુ જન્મની સેવામાં છે. સાચું તો એ છે કે આને દ્વી કહેવું ખરું નથી આ એક જ પ્રક્રિયા છે જે અલગ-અલગ ખૂણેથી દ્વી ભાસે છે. આ એવું જ છે જેવું કે એક તરફથી પ્રવેશ છે અને બીજી તરફથી નિકાસ છે આ શ્વાસની જેમ છે એ જ શ્વાસ જે અંદર જાય છે તો શ્વાસને અંદર ખેંચવાનું કહેવાય છે અને જ્યારે બહાર નીકળે છે ત્યારે તે શ્વાસને છોડવાનનું કહીએ છીએ. મૃત્યુ ખેંચવું છે જન્મ છોડવું છે. જન્મ પ્રવેશ છે, મૃત્યુ નિકાસ છે પરંતુ આ એક જ જીવન ઊર્જા છે, એક જ લહેર છે. મનુષ્ય એ દરેક ક્ષણ મરવું જોઇએ અને પછી ફરી ફરી વાર જન્મ લેવા માટે તૈયાર રહેવું જોઇએ. આ સતત ચાલતી મૃત્યુ અને જન્મની વચ્ચે જીવન છે આ બન્નેની વચ્ચે જે અંતરાલ છે તે જ જીવન છે અતીત અને ભવિષ્યની વચ્ચે જીવન છે. આ સૂક્ષ્મ અંતરાલ જેને 'વર્તમાન' કહેવાય છે તેમાં કોઇ અવધિ નથી આ બસ ત્યાં છે...

ઓશો : ધી વિસડમ ઓફ ધી સેંન્સ, પુસ્તકમાંથી સૌજન્ય: ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.

> મૃત વસ્તુ એક જ સ્થળ પર સ્થિર રહે છે,
> જીવંત વસ્તુ ગતિ કરે છે- ફક્ત ગતિ નથી કરતી, છલાંગ લે છે,
> કૂદે છે, મૃત વસ્તુ હંમેશા જ્ઞાત બની રહે છે

ઓશો વાણી

# ભગવાન શ્રીકૃષ્ણનું એક સ્વરૂપ 'નવગુંજરા અવતાર'

સનાતન ધર્મમાં સેંકડો સંપ્રદાયો છે. વિવિધ સ્વરૂપના ઈશ્વરને વિધ-વિધ રીતે માનનારા અને પૂજનાર લોકો અહીં છે. પ્રાંત મુજબ અલગ-અલગ સંસ્કૃતિ અને વિવિધ ભાષાઓમાં ધર્મગ્રંથો પણ છે પણ ઈશ્વર પ્રત્યેની આસ્થા અને શ્રધ્ધા લગભગ એકસરખી જોવા મળે છે. ભગવાન વિષ્ણુના ૧૦ અવતાર ઉપરાંત ૨૪ અવતારની ધર્મકથાઓ આપણે વાંચી કે સાંભળી હશે. ક્યાંક પર અવતારની વાતો પણ ધર્મગ્રંથોમાં જોવા મળે છે તો કેટલાક ગુપ્ત અવતારોની ધર્મકથાઓ પણ જાણવા મળતી હોય છે. કેટલાંક ગૂઢ અને રહસ્યમયી કારણોસર ઈશ્વરને વિવિધ મુખવાળા અને વિવિધ આકારવાળા અવતારો ધારણ કરવા પડ્યા છે. પૃથ્વીને બચાવવા વરાહ અવતારની કથા જાણીતી છે. ડુક્કરના મુખવાળા ભગવાન વરાહ પછી પ્રહલાદની રક્ષા કરવા અને રાક્ષસરાજ હિરણ્યકશ્યપનો સંહાર કરવા સિંહના મુખવાળા ભગવાન નૃસિંહના અવતારની કથા ખૂબ જાણીતી છે. હાથીના મુખવાળા ગણેશજી, કપિ મુખધારી મહાબલી હનુમાન અને અશ્વના મુખધારી હયગ્રીવ અવતાર સાથે એક કીર્તિમુખ દૈત્ય અવતારનું નામ એટલા માટે અહીં નોંધવું પડે કે આપણા માટે વિચિત્ર અને ભયાનક મુખવાળા કીર્તિમુખ દૈત્યનું સ્વરૂપ હોવા છતાં દૈત્યોના સંહારનું કામ કર્યું છે. ભગવાન શિવજીએ મહાભયંકર અને ત્રણેય લોકમાં હાહાકાર મચાવનાર દૈત્ય જાલંધરના સંહાર માટે કીર્તિમુખ દૈત્યને તેમના ત્રીજા નેત્ર દ્વારા ઉત્પન્ન કરેલ. મહાબલી કીર્તિમુખે જાલંધર સહિત તેની આખીયે દૈત્યસેનાનો સંહાર કરી હડપ કરી ગયેલો. તેની સરાહનીય કામગીરીથી પ્રસન્ન શિવજીએ લોકો તેને હંમેશાં યાદ રાખે એટલે મંદિરના શિખર પર સ્થાન આપ્યું છે. આજે પણ ઘણાં બધાં મંદિરોનાં પ્રવેશદ્વાર અથવા તો શિખરો પર કીર્તિમુખ દૈત્યનું વિકરાળ મુખ અંકિત થયેલું જોવા મળે છે. સનાતન ધર્મના ચાર વેદને સાકાર સ્વરૂપ અપાયું છે તેમાં પણ યજુર્વેદના દેવનું મુખ બકરાનું છે તો સામવેદના દેવનું મુખ અશ્વનું, અથર્વવેદના દેવનું મુખ કપિ (વાનરનું) અને ઋગ્વેદના દેવનું મુખ ગર્દભનું છે જે અનેક ગૂઢ રહસ્યોના પ્રતીક દેવો છે.



અહીં આજે એવા જ એક વિશિષ્ટ પ્રકારની દેહાકૃતિ ધરાવતાં 'નવગુંજરા' અવતારની વાત કરવી છે. ઓરિસ્સામાં ૧૫મી સદીમાં જગતસિંહપુર જિલ્લામાં કનકવતી પાટણા જે આજે ઝંકારચિટા નામે ઓળખાય છે એ ગામમાં ખેડૂત પરિવારમાં જન્મેલા સિધ્ધેશ્વર પંરિડા નામના સંત જે પછીથી સરલાદાસ તરીકે પ્રસિધ્ધ થયેલા તેમનો ધર્મ પ્રત્યે અગાઢ પ્રેમ હતો. ઉત્તમ કવિ અને લેખક તરીકે પણ ખ્યાત સરલાદાસે વિલંકા રામાયણ, ચંડીપુરાણ, લક્ષ્મીનારાયણ વચનિકા, સરલા મહાભારત જેવા અનેક ગ્રંથોની ઓરિસ્સાની ભાષા, સંસ્કૃતિ અને ભૂગોળને ધ્યાને રાખી રચનાઓ કરી હતી. તેમના સરલા મહાભારતમાં વેદવ્યાસજીના મહાભારતની જેમ જ અઢાર પર્વ હતાં પણ ઘણી મૌલિકતા અને વિવિધતા જોવા મળે છે. તેમના સરલા મહાભારતમાંથી અર્જુન-કૃષ્ણની કથા સાથે જોડાયેલ 'નવગુંજરા' અવતારને પ્રાદેશિક કક્ષાએ ખૂબ જ ખ્યાતિ મળી છે. ઓરિસ્સાના લોકો માટે 'નવગુંજરા' અવતાર પૂજનીય સ્થાને રહ્યો છે.

કોણ છે અને કેવો છે આ 'નવગુંજરા' અવતાર? આવો, થોડો વિગતે પરિચય મેળવીએ. રહસ્યમયી આ પ્રાણીના સ્વરૂપે ભગવાન કૃષ્ણનો 'નવગુંજરા' અવતાર નવ પ્રકારના પ્રાણી-પક્ષીઓનાં અંગોનું મિશ્રિત સર્જન છે. જેમાં માથું કૂકડાનું છે, ગરદન એટલે કે લાંબી ડોક મોરની છે. કમર સિંહની છે તો પૂંછડી સર્પની છે. ચારે પગમાં પાછળનો જમણો પગ ઘોડાનો છે (ઘણાં તેને હરણનો પગ પણ કહે છે) તો પાછળનો ડાબો પગ વાઘનો છે. આગળનો ડાબો પગ હાથીનો છે તો જમણા પગની જગ્યાએ કમળનું ફૂલ પકડેલ હાથ છે. (આ હાથમાં કેટલીક જગ્યાએ સુદર્શનચક્ર પણ દર્શાવાયું છે) ઉપરાંત શરીરમાં ખૂંધ બળદની દર્શાવાઈ છે. 'નવગુંજરા'નું આ અલૌકિક સ્વરૂપ અદ્વૈત અને વિરાટ બ્રહ્મના સિધ્ધાંતોનું પ્રતીક છે. અહીં વેદનું એક વાક્ય નોંધીએ કે 'એકં સદ્વિપ્રા બહુધાવદન્તિ' અર્થાત : સત્ય એક જ છે જ્ઞાનીજનો એને અનેક નામોથી સંબોધે છે. નવગુંજરા કે નવગુંજર તરીકે પૂજનીય આ અવતારના પ્રત્યેક અંગો વિવિધ શક્તિઓનાં પ્રતીક માનવામાં આવે છે.

તેના આ વિચિત્ર સર્જન પાછળ એક કથા છે. પાંડવોની પત્ની દ્રૌપદીના કક્ષમાં જ્યારે પણ એક પાંડવ હોય ત્યારે બીજા કોઈ પાંડવે પ્રવેશ કરવો નહિ અને કોઈ કારણસર જો પ્રવેશે તો સજારૂપે બાર વરસનો વનવાસ ભોગવવો પડે. એક વાર યુધિષ્ઠિર દ્રૌપદીના કક્ષમાં હતા અને તે અંદર છે તેની નિશાની રૂપે તેની મોજડી દ્વારની બહાર રાખેલ પણ કૂતરાઓ તેની મોજડી ઊંચકી ગયેલ. અર્જુન દ્રૌપદીના કક્ષ પાસે આવ્યો અને અંદર દ્રૌપદી સિવાય કોઈ છે એવી નિશાની નથી એવું જાણ્યા પછી તે દ્રૌપદીના કક્ષમાં પ્રવેશે છે અને અજાણતા પણ થયેલી ભૂલને કારણે તેને બાર વર્ષના વનવાસે જવું પડ્યું. વનવાસ દરમ્યાન તે એક વાર મણિભદ્ર પર્વત પર સાધનામાં લીન હતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને થયું કે હું કોઈ વિચિત્ર અવતાર લઈને અર્જુન પાસે જાઉં તો તે મને ઓળખી શકે કે કેમ? એવું વિચારી તે નવ પ્રકારનાં પશુ-પક્ષીનાં વિવિધ અંગોવાળો 'નવગુંજર' અવતાર ધરી મણિભદ્ર પર્વત પર આવ્યા અને ધારણ કરેલ બધા પ્રાણીઓના અવાજ કાઢવા લાગ્યા. સાધનામાં લીન અર્જુનનો તપસ્યાભંગ થતાં તેમણે વિચિત્ર પ્રાણીને સામે જ જોયું તો તરત જ ગાંડીવ હાથમાં લીધું પણ આ નવગુંજર અવતારના એક હાથમાં મોહક ખીલેલું દિવ્ય કમળપુષ્પ જોઈને અર્જુને ગાંડીવ નીચે મૂકી ફરી આંખ બંધ કરી. ઈશ્વરીશક્તિથી તેમને સ્ફુરણા થઈ કે આ માત્ર મારા સખા અને ઈષ્ટ ભગવાન શ્રીકૃષ્ણની જ લીલા છે. તેમણે હાથ જોડી પ્રણામ કર્યા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ તેમના અસલ સ્વરૂપમાં પ્રગટ થઈને અર્જુનને ભેટી પડ્યા.



સંસ્કૃતિ દર્શન
સનત દવે



> ભગવાન કૃષ્ણનો 'નવગુંજરા' અવતાર નવ પ્રકારના પ્રાણી-પક્ષીઓનાં અંગોનું મિશ્રિત સર્જન છે. જેમાં માથું કૂકડાનું છે, ગરદન એટલે કે લાંબી ડોક મોરની છે. કમર સિંહની છે તો પૂંછડી સર્પની છે. ચારે પગમાં પાછળનો જમણો પગ ઘોડાનો છે તો પાછળનો ડાબો પગ વાઘનો છે. આગળનો ડાબો પગ હાથીનો છે તો જમણા પગની જગ્યાએ કમળનું ફૂલ પકડેલ હાથ છે. ઉપરાંત શરીરમાં ખૂંધ બળદની દર્શાવાઈ છે

સંત કવિ સરલાદાસ નવગુંજર અવતારના આધ્યાત્મિક અને ગૂઢ રહસ્યોનું વર્ણન કરતા જણાવે છે ઈશ્વર કોઈ રૂપ સુધી સીમિત નથી. સમગ્ર સૃષ્ટિ એ પરમ સત્યનો વિસ્તાર છે. વિવિધતામાં એકતા વિદ્યમાન છે. આ અવતારને સંલગ્ન પ્રત્યેક જીવનો પ્રતીકાત્મક અર્થ બતાવતા જણાવાયું છે કે કૂકડો એ જાગૃતિ, ચેતના અને આગમનનો સંકેત આપે છે. મોર એ સુંદરતા, શાલીનતા અને નૃત્યનું પ્રતીક છે. તો પીઠ પરની ખૂંધ બળદની છે. બળદ સ્થિરતા, ધૈર્ય, શક્તિ અને પરિશ્રમનું પ્રતીક છે. શરીર સિંહનું છે. સિંહ એ શક્તિ, સામર્થ્ય અને સર્વોપરિતાનું પ્રતીક છે. હાથી ધન, જ્ઞાન અને બુદ્ધિચાતુર્યનું પ્રતીક છે. વાઘ એ શક્તિ અને ચપળતાનું તેમ જ અશ્વ પણ શક્તિ અને વફાદારીનું પ્રતીક છે. હરણ એ કોમળતા અને ગતિનું પ્રતીક છે તો સર્પ શાશ્વત ઊર્જા અને રૂપાંતરણનું પ્રતીક ગણાવાયું છે. એક હાથમાં કમળ છે જે પવિત્રતા, ચેતના અને વિકાસનું પ્રતીક છે. આમ નવગુંજરાના પ્રત્યેક જીવની ગુણ અને શક્તિઓની દિવ્યતાને પ્રતીકરૂપે દર્શાવાઈ છે.

નવગુંજરાની કથા ઓરિસ્સાની લોકકલાનું અભિન્ન અંગ બની ગઈ છે. તો અહીંનાં ઘણાબધા મંદિરોની દીવાલો પર તેનાં શિલ્પો અને ચિત્રો જોવા મળે છે. જગન્નાથજી મંદિરની દીવાલો પરનાં શિલ્પોમાં પણ નવગુંજાર અવતાર સામે હાથ જોડી બેઠેલા અર્જુન જોવા મળે છે. જગન્નાથજીના મંદિરના શિખર પર વિશાળ નીલચક્રમાં પણ નવગુંજારની આઠ આકૃતિ દર્શાવાઈ છે. નવગુંજારનું લોકશૈલીમાં, લોકકલાઓમાં એક અદ્વિતીય સ્થાન છે. નવગુંજારના લાકડાના, પથ્થરનાં નાનાં-મોટાં પ્રતીકશિલ્પો ઘણાં બધાં લોકોના ઘરની શોભા વધારી રહ્યાં છે તો લોકકલાકારો અને માસ્ટર આર્ટીસ્ટો દ્વારા ટસર સિલ્ક અને કેનવાસ પર પટ્ટચિત્રો અને પેઈન્ટીંગ્સ બની રહ્યાં છે. જે એક હજાર રૂપિયાથી લઈને પાંચ લાખ કરતાં પણ વધુ કિંમતે ધનિકો ખરીદી લે છે. કપડા પર લોકશૈલીમાં કામ કરતા ઓરિસ્સામાં હજારો કલાકારો અને કારીગરો છે. જે પિછવાઈ, પટ્ટચિત્રોમાં પ્રાકૃતિક લાલ, પીળા, સફેદ અને ભૂરા રંગોમાં કાળી આઉટલાઈન સાથેના ચિત્રો બનાવીને બજારમાં મૂકે છે. નવગુંજારના ચિત્ર સાથેના હાથે બનાવેલા ગંજીફા કાર્ડ પણ ખૂબ માંગ ધરાવે છે. તેમાં બનેલ અદ્ભુત મીનીએચર આર્ટ વૈશ્વિક ક્ષેત્રે ખૂબ પ્રશંસા પામ્યા છે.


નવગુંજરા અવતારને કેન્દ્રમાં રાખી લોકશૈલીમાં બનતા વિવિધ પ્રકારની પિછવાઈ, પટ્ટચિત્રો અને પેઈન્ટીંગ્સ

|| कृष्णस्तु भगवान स्वयम् ||

લેખાંક-૭૧

# વૃન્દાવનમાં સ્થળાંતરની પૂર્વભૂમિકા

એવું કહેવાય છે કે જ્ઞાન, માન અને ધન આ ત્રણ વસ્તુઓ એવી છે કે કોઈ સુપાત્રને મળે તો જ તે યોગ્ય છે. નંદના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં 'ઉપનંદ' આવી જ સુપાત્ર વ્યક્તિ હતી કે જેના જ્ઞાન અને અનુભવના કારણે બધા તેની વાત માનતા હતા. દરેક સમાજ અને જ્ઞાતિઓમાં આવી એક અથવા એક કરતાં વધુ સુપાત્ર વ્યક્તિઓ અવશ્ય હોવી જોઈએ અને તો જ સમાજને સાચી દોરવણી મળી શકે.

વ્રજનું રક્ષણ કરવા માટેના ઉપાયો વિચારવા માટે મળેલી બેઠકમાં વરિષ્ઠ ગોવાળ અને જ્ઞાન તેમ જ અનુભવના ભંડાર એવા 'ઉપનંદ'ના સલાહભરેલાં વચનો સાંભળી, તમામ ગોવાળિયાઓ વિચારવિમર્શના અંતે એક મતે વૃંદાવનમાં વસવા માટે તૈયાર થઈ ગયા. એટલું જ નહિ પરંતુ તેમણે તે જ દિવસે પ્રસ્થાન કરવાનો નિર્ણય પણ લઈ લીધો. સભામાંથી ઊભા થઈ બધા પોતપોતાના ઘરે ગયા અને પોતપોતાનું રાચરચીલું ભેગું કરવા માંડયા. દરેકે પ્રસ્થાનની તૈયારી કરી દીધી. લલિતા સખીને ત્યાં રહેલા રાધાજીને પણ લાલજીમાં ખૂબ પ્રીતિ હોવાના કારણે તેમ જ યશોદાજીને પણ ખૂબ ગમતા હોવાના કારણે એમના આગ્રહથી એમની સાથે જ વૃંદાવન સ્થળાંતર થયાં. પોતપોતાની ગાયોના ધણને આગળ રાખી, ઘરનો સરસામાન ગાડામાં રાખી, વૃદ્ધ સ્ત્રીઓ અને બાળકોને પણ ગાડામાં બેસાડ્યાં અને વાજતેગાજતે રવાના થયા. ગોવાળિયાઓ હાથમાં ધનુષ-બાણ લઈને ગાડાની આજુબાજુ કતારબંધ ચાલવા લાગ્યા. મુસાફરી દરમ્યાન હોંકારા સંભળાતા કે 'સંભાળ રાખજો, ગાડાંઓને એક જ લાઈનમાં રાખજો, ચોકી રાખવાનું કામ જેમને સોંપવામાં આવ્યું છે તેમણે પૂરી કાળજી રાખવી. ત્યાં પહોંચીને નિવાસની ગોઠવણ પોતપોતાની મરજી મુજબ નહિ પરંતુ નંદજીની આજ્ઞા પ્રમાણે જ કરવી. સઘળી વ્યવસ્થાઓ બરાબર ચકાસી લેવી વગેરે વગેરે.'

આ રીતે થતા હોંકારાના કોલાહલથી ચાલી રહેલાં ગાડાંઓની લાઈન મહાસમુદ્રની જેમ ગાજવા માંડી. રસ્તામાં ચાલતી યુવાન ગોપીઓનાં લીલા, પીળા તથા લાલ વસ્રોથી જાણે ઈન્દ્રધનુષની એક પંક્તિ બની હોય તેવું પ્રતીત થતું હતું. ગાડામાં બેઠેલી પ્રૌઢ સ્ત્રીઓ પણ મોંઘી સાડી અને આભૂષણોથી સજ્જ હતી. બાળકૃષ્ણ યશોદાની ગોદમાં અને બળરામ રોહિણીના ખોળામાં બેસી ગયા. સફેદ પડદાઓવાળા અનેક ગાડાંઓના કારણે જાણે સમુદ્રના પવનથી પ્રેરાયેલા અનેક વહાણો જતાં હોય તેવું દ્રશ્ય લાગતું હતું. માથાઓ પર ગાગરો, રવાઈઓ, તાવીઓ તથા રાચરચીલાથી ભરેલાં કોથળાઓ ઊંચકીને ચાલતા જુવાનિયાઓ છત્રાકાર વૃક્ષોની માફક શોભી રહ્યા હતા. સર્વ લોકોએ છોડી દીધેલી વ્રજની ભૂમિ થોડા દિવસમાં ઉજ્જડ થઈ ગઈ અને પડી રહેલાં નકામાં પાત્રો અને કપડાંઓના કટકાઓથી વ્યાપ્ત થઈ ત્યાં કાગડાનાં ટોળાં આવવા માંડ્યાં.

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ



તમામ વ્રજવાસીઓએ વૃંદાવનમાં આવી સહુ પ્રથમ બધાને પૂરતું રક્ષણ મળે, પરમ શાંતિથી રહી શકાય અને પ્રસન્નતાપૂર્વક જીવી શકાય તેવા પ્રયાસ શરૂ કર્યા. તેમને અનુકૂળ પડે તેવી એક સરસ અને શાંત જગ્યા જોઈ, ત્યાં ગાયોના અને માણસોના રક્ષણ માટે ગાડાંઓને અર્ધચંદ્રાકારમાં ગોઠવી દીધાં. પછી દૂર દૂરથી કાંટાવાળાં વૃક્ષો કાપી લાવી, તેમની ઊંચી ઊંચી શાખાઓ વડે મજબૂત કાંટાળી વાડ બનાવી. આ રીતે નિવાસના રક્ષણની યોગ્ય ગોઠવણ કરી ગાડાંઓ પરથી સરસામાન ઉતાર્યો. સ્વચ્છ જળ વડે ધોવામાં આવતી ગાગરોથી, ઠોકવામાં આવતા ખીલાઓથી, સ્થાપવામાં આવી રહેલી દહીંમંથનની સામગ્રીઓથી, રવાઈઓમાં બાંધવામાં આવતા નેતરાઓથી, ખીલાઓમાં બાંધવામાં આવતા દોરડાઓથી, ઘરોને સજાવવા માટે એકઠી કરાયેલી સામગ્રીઓથી, ધરતીમાં સ્થાપિત કરતા ખાન્ડળીઓના અવાજથી તેમ જ સ્વચ્છ કરવામાં આવી રહેલા ગાયોને બાંધવા માટેનાં સ્થાનોથી વનનું વાતાવરણ એકદમ જીવંત બની ગયું.

આ ઉપરાંત ગોઠવવામાં આવતાં રસોડાનાં વાસણોથી, ગાડામાંથી ઉતારીને ઘરોની અંદર પોતપોતાનાં સ્થાનોમાં રાખવામાં આવતાં રાચરચીલાથી અને કુહાડીઓ વડે ઝાડોને તથા લાકડાઓને કાપી રહેલા જુવાનોથી, પ્રૌઢ ગોવાળિયાઓની સૂચનાઓથી, શુભ-મંગળની ભાવનાથી યમુનાજીમાંથી પાણીના બેડાઓ ભરી આવીને ઘરોમાં પ્રથમ પ્રવેશ કરતી ગોપીઓથી, ચારે બાજુ વનની હરિયાળીથી મુગ્ધ થઈ આનંદિત થતાં અને નમી રહેલી વૃક્ષોની શાખાઓને ખેંચીને આનંદ પામતાં બાળકો વગેરેથી વ્રજનો નવો નિવાસ અત્યંત શોભવા લાગ્યો.

પ્રથમ પ્રવેશ વખતે શુભ ભાવનાથી વિઘ્નહર્તાને 'વંદે વાણી વિનાયકો' મંત્રના ઉચ્ચારણ કરીને ઘરમાં સ્થાપના કરવા માંડ્યા. સનાતન ધર્મની આ મર્યાદા છે. પ્રથમ ગણપતિની પૂજા થાય છે. પાંચ તત્ત્વોના માલિક પંચદેવ છે. જેમાં ગણપતિ જળ તત્ત્વના અધિપતિ છે. પૃથ્વી પ્રલય વખતે માત્ર જળ જ શેષ હતું. સનાતન ધર્મને અનુમોદન આપતા દરેક ઘરમાં પંચદેવની પૂજા થવી જ જોઈએ.

સનાતન ધર્મમાં અનેક દેવ છે પરંતુ એક જ ઈશ્વર અનેક રૂપ ધારણ કરે છે તે વાત બરાબર સમજવી જોઈએ. 'અન્યાશ્રય' નહિ કરવો જોઈએ તેવા શબ્દો સંપ્રદાયોએ ઊભા કરેલા છે. 'પછી ભગવાન તમારો હાથ નહિ પકડે' જેવા ભગવાનથી પણ ડર ઊભો કરાવનારા શબ્દોના ભ્રમથી અને તેનાથી બંધાતાં કુંડાળાં, ઊભી થતી જડતા અને અંધશ્રદ્ધાથી બચવું જોઈએ.

વૃંદાવનનાં મીઠાં મીઠાં મૂળો, મીઠાં ફળો, મધુર જળ, પક્ષીઓના મનોહર કોલાહલો, કામધેનુ જેવી ગાયો, છાંયડો આપતા ઘટાદાર વૃક્ષો, ખડ (ગાયોને ચરવા માટેનું ઘાસ) ની પુષ્કળ માત્રા, યમુનાનો વિશાળ અને રમણીય કિનારો, વાઘ વગેરે હિંસક જાનવરો વગરના ગોવર્ધનપર્વતના રમણીય પ્રદેશો બાલકૃષ્ણને, બળદેવને તથા અન્ય તમામ યાદવોને ખૂબ જ પ્રીતિ ઉપજાવવા માંડ્યા.

(ક્રમશ:)

> વૃંદાવનનાં મીઠાં ફળો, મધુર જળ, પક્ષીઓના મનોહર કોલાહલો, કામધેનુ જેવી ગાયો, છાંયડો આપતા ઘટાદાર વૃક્ષો, ખડની પુષ્કળ માત્રા, યમુનાનો વિશાળ અને રમણીય કિનારો, વાઘ વગેરે હિંસક જાનવરો વગરના ગોવર્ધનપર્વતના રમણીય પ્રદેશો બાલકૃષ્ણને, બળદેવને તથા અન્ય તમામ યાદવોને ખૂબ જ પ્રીતિ ઉપજાવવા માંડ્યા